શ્રી હાથીપુરા પ્રા. શાળા, પાટડી, જિ-સુરેન્દ્રનગર

# વિચાર-વિસ્તાર

## સંગ્રહ પોથી

DELL

સંકલન

2018


શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

મ. શિક્ષક

મો.નં- 94273 23046


શ્રી હાથીપુરા પ્રા.શાળા.તા-પાટડી,જિ-સુરેન્દ્રનગર. પિ.નં-382130

(1) પીંપળપાન ખરંત , હસતી કુંપળિયાં;
મુજ વીતી તુજ વીતશે , ધીરી બાપુડિયાં.

(2) હસો ! હસો ! ખૂબ સમય છે. હસી લ્યો હજી !
પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી.

(3) ઘટમાં ઘોડા થનગને , આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

(4) જળ ન બોળે કાષ્ઠને કહો ક્યાંની એ પ્રીત !
આપણ સીંચ્યું જાણીને , નવ બાળે એ રીત.

(5) ધન , જોબન ને ઠાકરી , તે ઉપર અવિવેક,
એ ચારે ભેગાં થયાં, અનર્થ કરે અનેક.

(6) જળ માછલિયું જાળવે, અવગુણ કરે હજાર ,
વડાં ને નહિ વિકાર , સાગર પેટા શામળાં.

(7) મીઠાશેથી સહજ જનના દોષ સર્વે છુપાતાં;
કાંટા જેવા કટું જીવનથી ગુણ ઢંકાઇ જાતાં.

(8) હાટ હાટ હીરા નહીં, કાંચન કા ન પહાર;
સિંહન કા ટોળા નહીં, સંત વિરલ સંસાર.

(9) ન્યાય નીતિ સહુ ગરીબને મોટાને સહુ માફ ;
વાઘે માર્યું માનવી , એમાં શો ઇન્સાફ ?

(10) આભ છો બદલ્યા કરે ને તેજ, છાયા, રંગ;
ધ્રુવ તેનાં સ્થાન પર રહેશે સદા નિ:શંક.

(11) એકલ પાંખ ઉડાય ના, એકલ નહીં ફરાય ;
એકલ રવિ નભ સંચરે, એની ભડકે સળગે કાય.

(12) માનવી માત્ર જગદીશનો અંશ છે, રંગ અને રૂપના ભેદ ખોટાં;
એક સરખાં જ હક્દાર સૌ સૃષ્ટિનાં, કોઇ નાના નહીં કોઇ મોટાં.

(13) તન ખોટાં, હૈયાં ખૂટલ, ધરવ ન કશીયે વાત;
એ કળજગની જાત, શાણાં સમજે શાનમાં.

(14) બાકર બચ્ચાં લાખ, લાખે બીચારાં;
સિંહણ બચ્ચું એક, એકે હજારાં.

(15) વરસ્યો જઇને વાડ, મેહુલિયો શા કામનો ?
મોટો લાગ્યો તાડ, ઢાંકે નહીં નિજ પંડને.

(16) કાતર ની ચોરી કરે, કરે સોયનું દાન;
ઊંટે ચડી જોયા કરે, કેમ ન આવ્યું વિમાન !

(17) મળ્યુ છે તો માણો, જીવન કચવાટે શીદ વહો ?
જીવો આયું એવું ક્ષણ, મહીં ભરી કોટિક યુગો.

(18) થોડું દઈ વદે ઘણું જગતમાં એવાં બધાં કેટલાં ?
આપી ખૂબ વદે નહિ શબદ યે એવા દીસે વિરલાં.

(19) એકલ દેતા દાન જે , એકલ ઝૂઝતા જંગ;
એકલ જગનિંદા સહે , એ વીરો ને રંગ.

(20) અરે ! પ્રારબ્ધ તો ઘેલું રહે તો દૂર માંગે તો;
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.

(21) સિધ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય.

(22) જુલ્ફ કેરાં વાળ સમી જિંદગીની ગૂંચો બધી;
માત્ર તેને યત્ન કરી , કાંસકી ઓળી શકે.

(23) મારામાં તું વસે છે, એ સત્ય હોય તો;
મારા પતનને ખાતર, હા ! તું જવાબદાર છે.

(24) ઋણ,અગ્નિ તથા વ્યાધિ, લેશમાત્ર રહી જતાં;
વધે ફરી ફરી તેથી કદી બાકી ના રાખવાં.

(25) મનવાં પરઘર પહોંચીને દુ:ખ ન કહીએ રોઇ;
માન ગુમાવીએ આપણું, વ્હેંચી ન લેતું કોઇ.

(26) જંજીરને જે ઘડતી હથોડી, ઘડી દિયે છે શમશેર કો'ક દિ.

(27) ચિંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

(28) દયાને દાન એ બેમાં, દયા દાન થકી ચડે;
દાન દીધું- લીધું ભૂલ્યાં, દયા સ્ત્રોત સદા વહે.

(29) શેરી મિત્રો સો મળે , તાળી મિત્રો અનેક ;
જેમાં સુખ દુ:ખ વામીએ તે લાખોમાં એક.

(30) આવ નહીં ,આદર નહીં , નહીં નૈનોં મે નેહ;
તે ઘર નવ કદી જઈએ, ભલે કંચન વરશે મેહ.

(31) પ્રયત્ને પોતાનાં તસુભર જમીનેય જીતવી;
ભલે સ્વલ્પક્ષેત્રે નિજ બળ થકી સિધ્ધિ વરવી.

(32) પશુ સિંહ નહીં ચાહે, બીજે માર્યા શિકારને ;
માનવી જ સદા ચાહે અન્યનું જ પડાવવાં.

(33) બેઠેલાંનું બેસતું , ઉભેલાંનું ઊભ ;
નશીબ સૂતાનું સૂએ, ચાલે ચાલતાં સંગ.

(34) અક્કલ ઉધારે ના મળે, હેત ના હાટે વેચાય;
રૂપ ઉછીનું ના મળે, ન પ્રિત પરાણે થાય.

(35) નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન.

(36) વર્ષા સમ વારિ નહીં, પ્રેમ સમો નહીં ત્યાગ;
વેણ સમી ચિનગારી નહિ, વિરહ સમી નહિ આગ.

(37) મને મળી નિષ્ફળતા અનેક, તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.

(38) દેખી દોષ લગાર , ગુણીને અવગણવું નહીં;
સુંદર ખુશ્બોદાર, ગુલાબને કાંટા ન ક્યાં ?

(39) સજ્જનો સૂપડાં પેઠે દોષ ત્યાગે ગુણ ગ્રહે:

(40) આશા ન હોય કશી તો જીવવું નકામું;
સામાં નિશાન વિંણનું સહું તાકવાનું.

(41) ઉગે કમળ પંકમાં, તદપિ દેવ શિરે ચડે;
નહિં કુળથી કિન્તું , મૂલ્ય મૂલવાય ગુણો વડે.

(42) ગુણની ઉપર ગુણ કરે એતો વેવારા વદ્દ;
અવગુણ ઉપર ગુણ કરે એ ખરો ક્ષત્રિયવદ્દ.

(43) હૈયે વડવાનલ જલે, તોયે સાગર ગાય;
હસી જાણે જગ ઝેર પી સંતન તે કહેવાય.

(44) રેલાઇ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની;
સિંધુનાં ઉરમાંથી તો ઉઠશે અમી વાદળી.

(45) હેમાળાનાં હેમહૈયા સાધુ સંતનાં ;
અગનલાગે એમ ગળશે, પણ બળશે નહિં.

(46) માટી થકી કંચન જડે, પથ્થર વિશે રત્નો મળે;
હા, તેમ માનવ દેહમાંથી, દેવ આખર ઝળહળે.

(47) પંકથી પાંગરે પદ્મોને, પાણાંઓ પ્રભુ થાતાં;
માટીનાં માનવીમાંથી તો કાં હું ના બનું મહા !

(48) કાજલ તજે ન સ્યામતા, મુક્તા તજે ન શ્વેત;
દુર્જન તજે ના કુટિલતા, સજ્જન તજે ન હેત.

(49) એકાદ નહીં આ ભારતમાં, ઇન્સાન કરોડો એવાં છે,
સીમ મહીં ના ખેતર છે, કે ગામ મહીં ઘર રહેવાને.
આ રગતપિતિયા આ ધાનમૂઆ, આ ઠેબે ચડતાં મૂડદાઓ,
મરવું છે પણ મરતાંયે નથી, જીવનનાં ભૂખ્યા એ કેવાં છે ?

(50) શમે ના વેર વેરથી, ટળે ના પાપ પાપથી;
ઔષધી સર્વ દુઃખોની મૈત્રીભાવ સનાતન.

(51) સુખ સમયનાં સાથીઓ, દુઃખમાં દુશ્મન થાય;
વૈભવ ખૂટતાં આપણો, હળવેથી દૂર જાય.

(52) પૂજે જનો સૌ ઉગતાં રવિ ને .

(53) ગમે નાં શૈશવે ખેલ. યૌવને નાં પરાક્રમ.
સાધુતા નહીં વાર્ધક્યે, વ્યર્થ તો જીંદગી ક્રમ.

(54) જીવવું તો જીવવું જગમાં ખરી તાકાતથી;
માથું મુક્તિની ખુમારીથી સદા ઊંચું કરી.

(55) ફૂલને મારગ સૌ કોઇ ચાલે , કંટક મારગ કોઇ;

(56) જેનો બને છે ભગવાન સાથી, ન હાર તેને કદાયે કશાથી.

(57) સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક જ માનવી કાં ગુલામ ?

(58) સહ્સ્ત્ર સ્ત્રોતથી ઘેલી નદી જીવનની વહે;
ઘડી શુધ્ધ ઘડી મેલી, ક્ષણે ના સરખી રહે.

(59) અંધ અજ્ઞ એ બેમાં, ઓછો શાપિત આંધળો;
એકાંગે પાંગળો અંધ અજ્ઞ સર્વાંગે પાંગળો.

(60) ખૂંદી તો ધરતી ખમે , વાઢી ખમે વનરાઇ;
વેણ-કવેણ તો સંત ખમે, જ્યમ સાગર નીર સમાય.

(61) હા પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે;
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે.

(62) સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે;
સૌંદર્યો પામતાં પહેલાં સુંદર બનવું પડે.

(63) દુ:ખી ના દુ:ખની વાતો, સુખી ન સમજી શકે;
સુખી જો સમજે પૂરું, દુ:ખ ના વિશ્વમાં ટકે.

(64) જગમાં કોઇ ના રહે બિચારું, હું તો એ જ ઇલાજ વિચારું.

(65) ગૌરવ પામશો દાને, ના કદી ધન સંચયે;
જૂઓ ઊંચા રહે મેઘો , નીચો છે જલસાગર.

(66) પ્રતિજ્ઞા વિનાનું જીવન પાયા વિનાની ઇમારત જેવું છે.

(67) સાચું સૌંદર્ય જોનારની આંખમાં છે, જોવાની વસ્તુંમાં નહી.

(68) લઘુતામાં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર.

(69) મોટાઓની અલ્પતા જોઇ થાક્યો, નાનાની મોટાઇ જોઇને જીવું છું.

(70) નમતાથી સૌ કો'રીઝે, નમતાને બહું માન;
સાગરને નદીયો ભજે, છોડી ઊંચા સ્થાન.

(71) માસેમાસે અભિનવ હાસે, ઊગે બીજ કલા;
યુગેયુગે પયંગબર જાગે, ભાંગે જગશૃંખલા.

(72) જન્મ ને જીવનાં કૃત્યો છે, આકસ્મિક સૌ અરે.
પાસા ફેંકે જનો સર્વે , દા'દેવો હરિ હાથ છે.

(73) જીંદગી જીંદાદિલીનું નામ છે;
જીતવું દિલ, જીતવાનું કામ છે.

(74) સોબત કરતાં શ્વાનની, બે બાજુનું દુ:ખ;
ખિજ્યું કરડે પિંડીએ , રીઝ્યું ચાટે મુખ.

(75) છોને જાતી બુઝાઇ જીવન ધૂપસળી, મહેકતી મહેકતી આ !

(76) સમાન પલ્લાં વિધિની તુલાનાં, જ્યાં જ્યો તે મનનાં બહાનાં.

(77) પુસ્તકાલયો જ સાચાં વિશ્વ વિદ્યાલયો છે.

(78) મોટા નાના વધુ મોટામાં, તો નાના પણ મોટાં.
વ્યોમ દિપ રવિ નભ બિંદું તો ઘરદિવડાં શા ખોટાં ?

(79) આત્મા કેરી વર્ષવી સત્કલાને, એવું જીવ્યું ;
સાચું જીવ્યું ગણાય, લાંબે ટૂંકે જીંદગી ના મપાય.

(80) રૂઝવે જગનાં જખ્મો , આદર્યાને પૂરાં કરે.
ચલાવે સૃષ્ટિનો તંતું, ધન્ય તે નવયૌવન.

(81) પી જાણે હલાહલો હોઠેથી જે ,
હૈયે તેણે અમૃતો છે પીવાનાં.

(82) પ્રભુએ તો સર્જેલુ છે સુખ ,મન મનનું ખોળી લે છે દુ:ખ.

(83) મનખે મનખે ધામ ધણીનું એ જ મથુરા, ને એ જ કાશી...!

(84) જગની સહુ કડીઓમાં , સ્નેહની સર્વથી વડી.

(85) નમન નમન મેં ભેદ હૈ , બહોત નમે નાદાન;
દગલબાજ દુગના નમે , ચિત્તા ચોર સમાન.

(86) નામ રહંતા ઠાકરા , નાણાં નવ રહંત;
કિર્તી કેરાં કોટડાં,પાડ્યા નવ પડંત.

(87) તન કો જોગી સબ કરે, મન કો વીરલા હોય;
સહેજે સિધ્ધિ પાઇએ, જો મન જોગી હોય.

(88) દુર્જન કી કૃપા બુરી, ભલી સજ્જન કી ત્રાસ;
જબ બાદલ ગરમી કરે, તબ બરસન કી આશ.

(89) જગતમાં સહુ ઝેરોમાં , સહુથી કાતિલ વેરનું.

(90) ધનવંત કો કાંટા લગે , ખમા કરે સૌ કોઇ ;
નિર્ધન ડુંગર સે ગિરે, ખબર ન પૂછે કોઇ.

(91) મત કર તુ અભિમાન રે બંદે, જુઠી તેરી શાન રે;
તેરે જૈસે લાખો આયે, રહા ન નામ નિશાન રે.

(92) જબ લગ તેરા પુણ્ય કા , પહોંચ્યા નહીં કરાર;
તબલગ પાપો દબ રહે, ગુન્હા કરો હજાર.

(93) કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર બીત જાત હૈ, ફીર કરેગા કબ ?

(94) દીપક ના બે દીકરા, કાજળ ને અજવાશ;
એક કપૂત કાળું કરે, બીજો દીયે પ્રકાશ.

(95) વિદ્યા પુસ્તકમાં અને પરકબજામાં ધન;
ભીડ પડે ન કામનાં , તે વિદ્યાને ધન.

(96) કૂવો નાનો છતાં , પાણી મીઠું દે સર્વનેય તે;
તેથી સહું ભજે તેંને ,નહિ ક્ષારસમુદ્રને.

(97) કાઠિયાવાડમાં કો`કદિ ભૂલો પડ ભગવાન;
તુ થા મારો મહેમાન, સ્વર્ગ ભૂલાવું શામળા.

(98) ઘેલી માથે બેડલું, મર્કટ કોટે હાર;
જુગારી ગાંઠે ગરથ, ઇ ટકે કેટલી વાર ?

(99) એકલ ખાવું, એકલ પીવું, એકલ રમવું ઇશ;

એકલ વાટે વિચરવું, કરમે કદી ન લખીશ.

(100) જગમાં એવા જનમીયાં, અગરબત્તી ને સંત;
આપ બળે એકલ ખૂણે , ધૂપ બધે પ્રસરંત.

(101) જનની જણ તો ભક્ત જણ , કાં દાતા કાં શૂર;
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

(102) નાર કદી ન નિંદીએ, નારી રતનની ખાણ;
નારીથી નર નીપજ્યાં ધ્રુવ-પ્રહલાદ સમાન.

(103) નિર્લજ નર લાજે નહીં, હશે કોટીકોટી ધિક્કાર;
નાક કપાયું તો કહે, અંગે ઓછો ભાર.

(104) વાડ થઇ ચીભડાં ગળે, તો સોંઘી વસ્તુ ક્યાંથી મળે ?
ખળું ખાતું હોય જો અન્ન , તો જીવે નહીં એકે જન.

(105) કાયા છે માટી તણી, ઘડીએ તેમ ઘડાય;
કંચન એ ત્યારે બને, એની જેમ કસોટી થાય.

(106) ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.

(107) પઢતાં પંડિત નીપજે , લખતાં લહીયો થાય;
ચાર ચાર ગાઉં ચાલતાં, લાંબો પંથ કપાય.

(108) જગ જૂની સોરઠ ધરાં, ગઢ જૂનો ગિરનાર;
સાવજડાં સેંજળ પીએ, એનાં નમણાં નરને નાર.

(109) વાંકા રહેજે વાલમાં, વાંકે આદર હોય;
વાંકા વનનાં લાકડાં, કાપી શકે નહીં કોઇ.

(110) અતિ ભલાઇ ના ભલી , કુછ ટેઢો વ્યવહાર;
દ્વિતીયા કે ચંદ્ર કો, જ્યાં સબહી કરત જુહાર.

(111) સદગુણથી સંસારમાં, શોભે છે સત્કર્મ;
કરથી,જરથી જીભથી,સાધે સજ્જન ધર્મ.

(112) પ્રેમી વિના પ્રેમી જનો, આખો ભવ અથડાય;
હૈયું સ્વચ્છ ન હોય ત્યાં હરિ વશ ક્યાંથી થાય ?

(113) તરુવર ભખે ન આપકો નદી ન પીવે નીર;
પરમાર્થ કે કારણે, સંતને ધર્યા શરીર.

(114) જેનાં તેનાં કાર્યમાં, જે તે હોય પ્રવીણ;
સુગંધ આપે સેવંતી, આપે કૈફ અફીણ.

(115) રામા રત્ન સમાન છે, શોભે સૌ સંસાર;
સુલક્ષણી સ્ત્રી હોય તો , હરકત ટળે હજાર.

(116) કોયલ બોલે બોલ થોડો , પણ લાગે મીઠો;
વૃથા ગુમાવે તોલ , બહુ બોલીને દેડકાં.

(117) માથાં સાટે મોંઘી વસ્તું સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યાં તે મરજીવા મૂકી મનનો મેલ જોને. – પ્રિતમ

(118) મને તમને જોઇ હસવું હજાર વાર આવે છે;
પ્રભુ ! તારાં બનાવેલાં તને આજે બનાવે છે.

(119) મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાગ્યું કવેણ;
ઘોડો ભાગ્યો ઠેકતાં, નહી સાંધો નહીં રેણ.

(120) જેહનાં ભાગ્યમાં જે સમે જે લખ્યું ,
તેહ ને તે સમયે તે જ પહોંચે.

(121) શું જોશો તનની છબી , એમાં નથી નવાઇ ?
નિરખો મુજ મનની છબી , ભલા પરિક્ષક ભાઇ.

(122) બનાવટને નકલ દુનિયામાં કદી પાંગરતી નથી હોતી;
કે નકશાનાં સમંદરમાં કદી ભરતી નથી હોતી. –મરીઝ.

(123) આભ કે દરિયામાં એક પણ કેડી નથી;
અર્થ એનો એ નથી કે કોઇએ સફર ખેડી નથી. – ગુણવંત શાહ.

(124) મોઢે બોલું મા , ત્યાં મને સાચે જ નાનપણ સાંભરે;
પછી મોટપની મજા, મને કડવી લાગે કાગડાં.

(125) બાર ગાઉં એ બોલી બદલે, તરુવર બદલે શાખા;
બુઢાપામાં કેશ બદલે, પણ લખણ ન જાય લાખા.



આભાર

સંકલન - શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

મ. શિક્ષક

આવી બીજી PDF ફાઇલ માટે મુલાકાત લો.

My Blog :- laljibhai-panchal.blogspot.in